# ઈશ્વરનું આવાહન : 'ગાયત્રી મંત્ર' પર એક વ્યાખ્યા

ત્રણ દાયકા કરતા પણ વધુ સમયથી, શ્રીગુરુમાઈ સિદ્ધયોગીઓને શીખવી રહ્યાં છે કે સિદ્ધયોગ પરંપરા અને સંસ્કૃતિના પવિત્ર અભ્યાસો સાથે કેવી રીતે સંલગ્ન રહેવું. આમાંનો એક અભ્યાસ છે, ગાયત્રી મંત્રનો પાઠ.

ભારતની વૈદિક પરંપરામાં, ગાયત્રી મંત્રોને કોઈ વિશિષ્ટ દેવી કે દેવતાની ઉપસ્થિતિનું પૂર્ણરૂપથી આવાહન કરવાનું એક શક્તિશાળી માધ્યમ માનવામાં આવે છે. એવું કહેવાય છે કે આ મંત્રો તે દેવી કે દેવતાની સંપૂર્ણ શક્તિને નાદરૂપમાં ઘનીભૂત કરે છે એટલે તેનામાં રૂપાંતરણ કરવાનું સામર્થ્ય સમાહિત છે. આ મંત્રો માત્ર દેવી કે દેવતાની શક્તિથી પૂરિત છે એટલું જ નહીં, પરંતુ તેની રચના પ્રાર્થનાના રૂપમાં થઈ હોવાથી તે સંકલ્પથી પણ પરિપૂર્ણ છે. આ મંત્રોના જપ દ્વારા આપણે પ્રાર્થના કરીએ છીએ કે આપણને પ્રેરણા મળે, આપણે સશક્ત બનીએ અને એ વિશિષ્ટ દેવી-દેવતાના દિવ્ય સદ્‌ગુણોને સ્વયંમાં ઓળખી શકીએ. સિદ્ધયોગ પથ પર આ દેવી-દેવતાઓને સમગ્ર સૃષ્ટિમાં વ્યાપ્ત એક દિવ્ય ચિતિના વિભિન્ન પાસાંઓનાં રૂપમાં ઓળખવામાં આવે છે.

પરંપરાગત વૈદિક ગ્રંથોમાં સંસ્કૃત શબ્દ 'ગાયત્રી'ની વ્યાખ્યા આ પ્રકારે કરવામાં આવી છે :

*ગાયન્તં ત્રાયતે ઇતિ ગાયત્રી।*

— આને ગાનારની જે રક્ષા કરે છે, તે છે 'ગાયત્રી'.

સંસ્કૃત શબ્દ 'ત્રાયતે' નો અર્થ છે, '(એ જે) રક્ષા કરે છે' અને આ શબ્દ 'જે મોક્ષ પ્રદાન કરે છે અથવા તારે છે' એ પણ સૂચવે છે. એટલા માટે આવા મંત્રનો જપ કરવાથી આ મંત્ર, જપ કરનારની રક્ષા કરે છે, મનને તેના મૂળ સ્રોત એટલે કે શુદ્ધ ચિતિ તરફ નિર્દેશિત કરીને મનના સ્વરૂપ પ્રત્યે સાધકની સીમિત સમજથી તેની રક્ષા કરે છે.

ગાયત્રી મંત્રોના ઘણા વિશિષ્ટ ગુણ છે. ૐ એ આદિ નાદ છે. પરંપરાગત રીતે એ ગાયત્રી મંત્રના દરેક આવર્તનની શરૂઆતમાં હોય છે. આ મંત્રોમાં ત્રણ મુખ્ય શબ્દ હોય છે, પ્રત્યેક શબ્દ ક્રમશઃ પ્રત્યેક પંક્તિમાં આવે છે :

વિદ્મહે — 'અમે જાણીએ અને સમજીએ'

ધીમહિ — 'અમે પોતાની અંદર સ્થાપિત (ધારણ) કરીએ'

પ્રચોદયાત્ — 'તે અમને પ્રેરિત અને અનુપ્રાણિત કરે'

મૂળ 'ગાયત્રી મંત્ર', એ આવાહન છે જેનો સર્વપ્રથમ ઉલ્લેખ પ્રાચીન ગ્રંથ 'ઋગ્વેદ'માં જોવા મળે છે અને એવું કહેવાય છે કે અન્ય દેવી-દેવતાઓને સમર્પિત 'ગાયત્રી મંત્રો'ની ઉત્પત્તિ પણ વિશેષરૂપે આ જ મંત્રથી થઈ છે અથવા તો તે આ જ મંત્રથી પ્રેરિત છે :

*ૐ ભૂર્ભુવઃ સ્વઃ*
*તત્સવિતુર્વરેણ્યં*
*ભર્ગો દેવસ્ય ધીમહિ ।*
*ધિયો યો નઃ પ્રચોદયાત્ ।।*

ૐ. હે પૃથ્વી, આકાશ અને સ્વર્ગ!
અમે અમારા અંતરમાં દિવ્ય સાવિત્રી અર્થાત્ સૂર્યદેવતાની પ્રભાને સ્થાપિત કરીએ,
જે પછી અમારા અંતર બોધને અનુપ્રાણિત કરશે.

'ઋગ્વેદ' (૩.૬૨.૧૦)

વૈદિક મંત્રોમાં સૌથી પુરાતન અને સૌથી શક્તિશાળી માનવામાં આવતા આ મંત્રને 'શ્રી આદિ ગાયત્રી મંત્ર' અને ક્યારેક 'સૂર્ય ગાયત્રી મંત્ર' નામે પણ ઓળખવામાં આવે છે. આ પરંપરામાં તેને 'વેદમાતા' એટલે કે 'સમસ્ત વૈદિક મંત્રોની માતા' અથવા 'સંપૂર્ણ જ્ઞાનની માતા' કહીને તેનું સન્માન કરવામાં આવે છે. આ દીક્ષા મંત્ર પણ છે જે બ્રાહ્મણ બાળકને તેના વૈદિક અધ્યયનના પ્રારંભ કરતી વખતે પ્રાપ્ત થાય છે. પરંપરાગત રીતે કરવામાં આવતી આ વિધિને 'ઉપનયન' સંસ્કાર કહેવામાં આવે છે. કહેવાય છે કે આ મંત્રને પ્રાપ્ત કર્યા પછી વિદ્યાર્થીનો 'બીજીવાર જન્મ' થાય છે; વેદોનું અધ્યયન કરવાની તેની આધ્યાત્મિક દીક્ષા, તેનો બીજો જન્મ છે.

આ 'ગાયત્રી મંત્ર'ના મહત્ત્વ અને તેના સામર્થ્યને સમજીને, ઋષિઓએ ભારતમાં પૂજાતા લગભગ બધાં જ દેવી-દેવતાઓને માટે 'ગાયત્રી મંત્ર' સમર્પિત કર્યા છે. ઘણીવાર આ મંત્રો, આ ઋષિઓ સમક્ષ ગહન ધ્યાનની અવસ્થામાં પ્રગટ થયા હતા.

એક કાવ્યાત્મક છંદનું નામ પણ 'ગાયત્રી' છે જેને 'ગાયત્રી છંદ' કહેવામાં આવે છે. વૈદિક ગ્રંથોમાં મળી આવતા છંદોમાં આ એક મુખ્ય છંદ છે. આ છંદોમાં ત્રણ પંક્તિઓ હોય છે અને દરેક પંક્તિમાં આઠ અક્ષર હોય છે. પ્રાચીન વૈદિક પરંપરામાં છંદને અતિ મહત્ત્વપૂર્ણ માનવામાં આવતો અને વૈદિક મંત્રોની સંરચના વિશિષ્ટ છંદોમાં કરવામાં આવી છે જેનો તેને સાંભળનાર પર એક ખાસ પ્રભાવ પડે છે. 'છંદ' શબ્દની વ્યુત્પત્તિ મૂળ શબ્દ 'છદ'થી થાય છે, જેના બે અર્થ થઈ શકે છે, પહેલો, 'આચ્છાદિત અને સંરક્ષિત કરવું' અને બીજો અર્થ 'સંતુષ્ટ કરવું અને પ્રસન્નતા આપવી'. તેથી કહેવામાં આવે છે કે છંદ, સાંભળનારનું સંરક્ષણ પણ કરે છે અને તેને પ્રસન્નતા પણ આપે છે. ગાયત્રી છંદના વિષયમાં કહેવાયું છે : ''ગાયત્રી આઠ અક્ષરોનો મંત્ર છે; ગાયત્રી શક્તિ-સામર્થ્ય છે અને પરબ્રહ્મની પ્રભા છે; એટલે તેનાથી સામર્થ્ય અને પરબ્રહ્મની પ્રભાની પ્રાપ્તિ થાય છે.[૧]

‘ગાયત્રી મંત્ર’ અને ગાયત્રી છંદને સાક્ષાત્ ભગવતી ગાયત્રી દેવી માનવામાં આવે છે જે ભગવાનની સર્જન-શક્તિનું મૂર્તરૂપ છે. તેથી, કેટલાંક પુરાણોમાં તેમને શક્તિનાં રૂપમાં અને બ્રહ્માંડનું સર્જન કરનારા ભગવાન, બ્રહ્માની પત્નીનાં રૂપમાં દર્શાવવા આવ્યાં છે. તેથી એવું કહેવાય છે કે આ વિશિષ્ટ છંદ, આમાંના પ્રત્યેક મંત્રને શક્તિ અથવા ચિતિના સર્જનાત્મક તેજથી અનુપ્રાણિત કરે છે અને તેને વિશેષરૂપથી પ્રભાવશાળી બનાવે છે.

પરંપરાગત રીતે ‘શ્રી આદિ ગાયત્રી મંત્ર’ દૈનિક પૂજાના સમયે ગાવામાં આવે છે અથવા મંત્રજપ માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે, ખાસ કરીને ‘સંધ્યાપૂજા’ના સમયે એટલે કે રોજ સવારે અને સાંજે બ્રાહ્મણો દ્વારા સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે કરવામાં આવતા અનુષ્ઠાનના સમયે. ભારતમાં બ્રાહ્મણો માટે વૈદિક યજ્ઞોના ભાગરૂપે અને લોકો માટે મંદિરો અને ઘરોમાં સમૂહમાં ‘ગાયત્રી મંત્રો’ ગાવા એ સામાન્ય વાત છે.

સિદ્ધયોગ પથ પર, ગુરુમાઈજીએ મહોત્સવો અને પર્વો પર ‘ગાયત્રી મંત્રો’નો જપ આરંભ કર્યો છે, જેમાં પ્રતિભાગીઓ આ મંત્રોના જપમાં ભાગ લે છે. આ ‘ગાયત્રી મંત્રો’નો અભ્યાસ આપણે પોતે મૌન જપના રૂપમાં પણ કરી શકીએ છીએ, ખાસ કરીને ધ્યાનમાં પ્રવેશ કરતાં પહેલાં. આપણા ધ્યાનના અભ્યાસ દરમ્યાન, જો આપણે તેના ઉચ્ચારણને પૂરેપૂરી એકાગ્રતા અને ધ્યાનપૂર્વક સાંભળીએ તો તે ધ્યાન માટે આપણું કેંદ્રબિંદુ પણ બની શકે છે.

‘ગાયત્રી મંત્ર’નો જપ કરતી વખતે આપણે ઈશ્વરના સ્વરૂપમાં એ દેવી-દેવતાનું આવાહન કરીએ છીએ જેને આ મંત્રો સમર્પિત છે અને આપણે આપણી અંદર એ દેવી-દેવતાના દિવ્ય સદ્‌ગુણ અને સ્વરૂપની સ્તુતિ કરીએ છીએ. આપણે પ્રાર્થના કરીએ છીએ કે ધ્યાન દ્વારા આપણે તેની આ દિવ્ય ઉપસ્થિતિને ઓળખી શકીએ અને તેને પ્રાપ્ત કરી શકીએ અને આપણે સદૈવ તેની શક્તિથી પ્રેરિત અને માર્ગદર્શિત થતાં રહીએ.

[૧]તાંડ્યમહાબ્રાહ્મણમ્ XV.૧.૮

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.